**ફર્લો રજાની ગણતરી અંગે.**

ગુજરાત સરકાર,
ગૃહવિભાગ,
પરિપત્ર ક્રમાંક:જલક/૩૯૨૦૦૫/૨૪૧૪/જ,
સચિવાલય, ગાંધીનગર.
તારીખ: ૬/૧૦/૨૦૦૫

વંચાણે લીધા :- (૧) નામદાર ગુજરાત હાઇકોર્ટના એલપીએ નં-૪૯૮/૨૦૦૫ થી ૫૦૧/૨૦૦૫ વિરૂધ્ધ ગુજરાત સરકાર. સ્પે.ક્રિ.એ.નં. ૧૩૮૬/૨૦૦૪, તા.૨૪/૬/૨૦૦૫

(૨) જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રીનો તા.૧૩/૯/૨૦૦૫ નો પત્ર નં-જયુડી-ફરલ-૩-૪૭૫૬/૨૦૦૫

પ રિ પ ત્ર :

નામદાર ગુજરાત હાઇકોર્ટમાં વડોદરા મધ્યસ્થ જેલના પાકા કેદીઓએ સ્પેશ્યલ ક્રિમીનલ એપ્લીકેશન કરીને કાચા કામના અંડરટ્રાયલ તરીકે જેલમાં રહેલ દિવસો કેદીને રજા પડયેથી ફર્લો રજાની ગણતરીમાં લેવા માટે રજુઆત કરેલ હતી.

નામદાર હાઇકોર્ટ દ્વારા આમુખમાં ક્રમાંક (૧) માં જણાવેલ હુકમોમાં નિર્દેશ કર્યા મુજબ અને આપેલ હુકમોનો અમલ હુકમ સર્ટીફાઇડ કોપી મળ્યાના એક માસમાં કરવા જણાવેલ છે. અને પ્રસ્તુત ચુકાદામાં જેલમાં કેદી કાચા કામમાં રહેલ હોઇ તે દિવસો પણ રજાની ગણતરીમાં લઇને ફર્લો રજાની ગણતરી કરીને ફર્લો રજાની અરજીઓનો નિકાલ કરવા જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે મુંબઇ હાઇકોર્ટ "ખરેખર ભોગવેલ સજા" બાબતે જે અર્થઘટન કરીને રીપોર્ટેડ જજમેન્ટ આપેલ છે તેના અનુસંધાને ઉકત ચુકાદા નામદાર હાઇકોર્ટે આપેલ છે. જે લક્ષમાં લઇને હવે પછી આ ચુકાદા અન્વયે બોમ્બે ફર્લો અને પેરોલ રૂલ્સ-૧૯૫૯ ૩ (૧) (૨) મુજબનું અર્થઘટન ખરેખર ભોગવેલ સજામાં કેદીને સજા થયા તારીખથી ફર્લો રજાની ગણતરી કરવામાં આવે ત્યારે કેદીએ જેલમાં રહેલ કાચા કામના દિવસો (અન્ડર ટ્રાયલ) પણ ગણતરીમાં લેવાના રહે છે. અને તે મુજબ ગણતરી કરીને ફર્લો રજા મંજુર કરવાની રહે છે.

આ હુકમનો ચુસ્તપણે અમલ કરવા સંબંધકર્તાને જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

સેકશન અધિકારી.
ગૃહ વિભાગ

નકલ રવાના પ્રતિ,

- જેલોના ઇન્સ્પેકટર જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ
- સર્વે જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ
- સર્વે પોલીસ કમિશ્નરશ્રીઓ
- સર્વે પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે અધિક્ષકશ્રી મધ્યસ્થ જેલો / જિલ્લા જેલો / ખાસ જેલો / ખુલ્લી જેલો / હેડકવાર્ટર સબ જેલ
- શાખા સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.
- સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ.